©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 22nd AUGUST, 2025/SRAVANA 31, 1947 [No. 5325

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

(જુઓ નિયમ-૨૬ (૯))

નગર રચના યોજના નં. ૬૩ (વડોદ)

પ્રારંભિક યોજના

નં. ન.ર.યો./નં. ૬૩ (વડોદ)/પ્રા. યો./જનરલ/૩૫૫૧/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ-(૧) ની જોગવાઈઓ પ્રમાણે તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) અનુસાર મેં આજ તા. ૦૭-૦૮-૨૦૨૫ ને ગુરુવારના રોજ નગર રચના યોજના નં. ૬૩ (વડોદ), સુરતના નગર રચના અધિકારી તરીકેના પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ (૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર સદર પ્રારંભિક યોજના સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટો માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમુનો-'૬' ની નકલ આ યોજના વિસ્તારમાં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકોને તેમજ હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત પ્રારંભિક યોજનાની તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. તેમજ સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

સ્થળ : સુરત
તા. ૦૭-૦૮-૨૦૨૫

પી. એન. તિવારી
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૩,
સુરત નગર રચના યોજના એકમ-૨,
સુરત.

કચેરીનું સરનામુ :
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૩,
સુરત નગર રચના યોજના, એકમ-૨, સુરત
બીજો માળ, જુની વરાછા (ઈસ્ટ) ઝોન ઓફિસ,
ઝવેરચંદ મેઘાણી બાગની પાછળ મીની બજાર, વરાછા,
સુરત-૩૯૫૦૦૬. ફોન : ૦૨૬૧-૨૫૪૪૮૨૩
Email Id: stp-tpo2-srt@gujarat.gov.in

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.08.22 18:01:03 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot